**અમદાવાદના     મહે. ૬ઠ્ઠા જયુ. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં**

ફોજ કેસ નં.૪૯૯૩/૨૦૧૭
આંક:

ફરીયાદી :–         શ્રી સરકાર

વિ.

આરોપી :–     ગીતાબેન ભાવેશભાઈ બલર

**<u>–: ચુ કા દો :–</u>**

૧.   ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો કલમ:  ૨૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨.   આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓએ પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીને ગુનો કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી. તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે, જેથી તેઓની ગુનાની કબુલાત પુરસીસ લીધી. આ કામમાં આંક:  થી આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપેલ છે, તેમા તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ છે. તેઓ ગરીબ ઈસમ તથા બાળબચ્ચાવાળા વ્યકિત છે. આ તેઓનો પ્રથમ ગુનો છે તથા તેમના કુટુંબમા ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, જેથી તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ખાત્રી કરવામા આવેલ છે. આમ, આરોપીના ઉપરોકત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– <u>હુ ક મ –:</u>**

આ કામના આરોપી ગીતાબેન ભાવેશભાઈ બલરને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ: ૨૭૯ મુજબના ગુન્હામા તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. ૪૦૦/– દંડ ન ભરે તો દિન : ૩ ની સાદી કેદનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા. ૨૨ માહે: જુલાઈ સને : ૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

તા. ૨૨/૭/૨૦૧૮

અમદાવાદ

(નેહા રીતુસરીયા )
છઠ્ઠા એડી. જયુડી. મેજી.ફ.ક.
અમદાવાદ (રુરલ) મીરઝાપુર.
યુ.આઈ. સી. કોડ નં.જી.જે.૦૦૧૩૩